પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

વર્ષ : ૨૯ અંક : ૨૯૦ કુલ પાના : ૪ તારીખ : ૩૧-૦૭-૨૦૨૬ શુક્રવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER:KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST.PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ગુજરાતમાં રેડ એલર્ટની આગાહીને પગલે તંત્ર એલર્ટ: અધિકારીઓની રજાઓ રદ કરાઈ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આદેશ બાદ અધિકારીઓને હેડક્વાર્ટરમાં હાજર રહેવા આદેશ છૂટ્યા

ગાંધીનગર,

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારે વરસાદની આગાહીને પગલે ગુજરાત સરકાર સંપૂર્ણ રીતે હરકતમાં આવી ગઈ છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી દ્વારા તમામ સંબંધિત અધિકારીઓની રજાઓ રદ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે જ તમામ અધિકારીઓને પોતાના હેડક્વાર્ટર છોડ્યા વિના તરત જ હાજર રહેવા સખત આદેશ આપવામાં આવ્યા છે, જેથી કોઈપણ કટોકટીની પરિસ્થિતિમાં ઝડપી રાહત અને બચાવ કામગીરી હાથ ધરી શકાય.

મુખ્યમંત્રીના આદેશ બાદ રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક અધિક મુખ્ય સચિવ (મહેસૂલ) ડો. જયંતી રવીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં ખાસ કરીને ભારે વરસાદની સંભાવના ધરાવતા તમામ જિલ્લાઓના કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રભાવિત થઈ શકે તેવા જિલ્લાના કલેક્ટરોને એલર્ટ મોડ પર રહેવા અને તમામ જરૂરી પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી લેવા કડક સૂચના આપવામાં આવી છે. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાહત કમિશનર, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિક્રિયા દળ અને રાજ્ય આપત્તિ પ્રતિક્રિયા દળના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર, આશ્રયસ્થાનોની સગવડ તેમજ આપત્તિ વ્યવસ્થાપનની ટીમની તૈનાતી અંગે બારીકાઈથી ચર્ચા કરવામાં આવી હતી. અધિક મુખ્ય સચિવ મહેસૂલે તમામ જિલ્લા કલેક્ટરો સાથે સીધો સંવાદ સાધીને સ્થિતિ પર સતત નજર રાખવા અને રાહત-બચાવ સાધન-સામગ્રી સાથે સતર્ક રહેવા જણાવ્યું છે. તંત્ર દ્વારા નાગરિકોને પણ જરૂરી સાવચેતી રાખવા અને સરકારી માર્ગદર્શિકાનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા આણંદ જિલ્લા સહિત રાજ્યના વિવિધ ભાગોમાં આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે જિલ્લા કલેક્ટરએ સમગ્ર વહીવટી તંત્રને 'રેડ એલર્ટ' મોડ પર રહેવા સૂચના આપી છે. મહી નદીના ઉપરવાસમાં પણ ભારે વરસાદની શક્યતા હોવાથી જિલ્લાના તમામ હિતધારકો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો સાથે તાકીદની રિવ્યુ મીટિંગ યોજીને આગોતરા આયોજન કરવામાં આવ્યું છે.

કલેક્ટર પ્રવીણ ચૌધરીએ જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેતીના ભાગરૂપે અત્યારથી જ સૂચનાઓ આપી દેવા અને આશ્રય સ્થાનો તૈયાર રાખવા મામલતદાર અને ટીડીઓને આદેશ આપ્યા છે. મહી નદીના કાંઠાના ૨૬ ગામો અને સાબરમતી નદીના કાંઠાના ૧૩ ગામો મળી કુલ ૩૯ ગામો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ ગામોમાં લગાવવામાં આવેલી ડિઝાસ્ટર મેનેજમેન્ટની સાયરનનું આજે સાંજે ટેસ્ટિંગ કરાયું હતું જેથી કટોકટીના સમયે લોકોને ચેતવી શકાય.પશુપાલકો અને ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો છે કે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા પશુઓને બાંધી રાખવાને બદલે છૂટા રાખવા, જેથી પાણી ભરાવવાની સ્થિતિમાં તેઓ પોતાનો બચાવ કરી શકે. આ ઉપરાંત, વરસાદની સાથે ભારે પવન ફૂંકાવાની પણ આગાહી હોવાથી, લોકોને નમી ગયેલા મોટા ઝાડ, મોટા હોર્ડિંગ્સ કે જર્જરિત મકાનોથી દૂર રહેવા કલેક્ટરએ ખાસ અપીલ કરી છે. નદી, તળાવ કે અન્ય જળાશયો પાસે ન જવા માટે પણ લોકોને ચેતવણી આપવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપનને પહોંચી વળવા માટે જિલ્લાના તમામ કલાસ-૧ લાઈઝન ઓફિસરોને તાલુકા મથકે હાજર રહેવા જણાવાયું છે અને તમામ કર્મચારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. આવતીકાલે જિલ્લાની શાળાઓ, આંગણવાડીઓ અને કોલેજોમાં રજા રાખવા આદેશ આપવામાં આવ્યા છે

# વડોદરાની માંજલપુર પેટાચૂંટણીમાં હોબાળો: પોલીસની હાજરીમાં જ ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર મારામારી



વડોદરા,

વડોદરાની ૧૪૫-માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનું મતદાન હોબાળો થયો છે. માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના મતદાન દરમિયાન વધુ એક વખત મારામારીની ઘટના સામે આવી છે. મતદાન મથક નજીક ભાજપ-કોંગ્રેસના કાર્યકરો સામે-સામે આવી જતાં મારામારીની ઘટના બની છે. મતદાન દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે થયેલી મારામારીની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. સમગ્ર મારામારીનો વીડિયો પણ સામે આવ્યા છે.

આ વચ્ચે ચોંકાવનારી વાત એ છે કે, આ ઘટના માંજલપુર પોલીસ સ્ટેશનની બરાબર બહાર જ મારામારી થઈ હતી. પોલીસની હાજરીમાં મારામારી થઈ છતાં પોલીસ મુકદર્શક બનીને જોતી રહી હતી. ત્યારે આ ઘટનાને લઈ પોલીસની કામગીરીને સવાલો ઉઠ્યા છે. વડોદરા ભાજપ યુવા મોરચાના પ્રમુખ મૌલિક દેસાઈએ યુવકને માર્યો માર હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાના વીડિયો સામે આવ્યા છે. વારંવાર મારામારી અને આચારસંહિતના ભંગને લઈ ચૂંટણી પંચ પર પણ સવાલો ઉઠ્યા છે. કાળી તલાવડી વિસ્તારમાં થયેલી મારામારી બાદ એક પરિવાર પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવવા પહોંચ્યો હતો, પરંતુ ત્યાં પણ ભાજપ યુવા મોરચાના પ્રમુખ મૌલિક દેસાઈ અને અન્ય નેતાઓ દ્વારા પરિવાર પર હુમલો કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો થયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો વાયરલ થયો છે. પોલીસની હાજરી હોવા છતાં અસામાજિક તત્વો અને નેતાઓ બેફામ બન્યા હતા અને પોલીસે માત્ર મૂકદર્શક બનીને તમોશા જોવો પડ્યો હતો.આ ઉપરાંત, ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા પરિવારને ઘરમાં ઘૂસીને માર મારવામાં આવ્યાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. ચૂંટણી આચારસંહિતાના ખુલ્લેઆમ ભંગ અને પોલીસ સ્ટેશન જેવા સંવેદનશીલ સ્થળે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડતા ચૂંટણી પંચની કામગીરી અને પોલીસ પ્રશાસન સામે અનેક સવાલો ઉભા થયા છે. વારંવાર બનતી આવી ઘટનાઓ લોકશાહીના પવિત્ર પર્વ પર મોટો ડાઘ સમાન છે, ત્યારે અનેક સવાલો ઉઠ્યા છે.

# જંતર-મંતર પર પીએમ મોદી વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવાના કેસમાં યુવતી સામે એફઆઈઆર નોંધાઈ

નવીદિલ્હી,

જંતર-મંતર પર પ્રધાનમંત્રી મોદી વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવાના કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારી યુવતી સામે નોઈડાના એક્સપ્રેસવે પોલીસ સ્ટેશનમાં શૂન્ય એફઆઈઆર નોંધાઈ છે. ૨૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલાએ વડાપ્રધાન મોદી વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરી હતી. યુવતીની ઓળખ થયા બાદ, તેની સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે તેમના કાર્યોથી વડા પ્રધાનના બંધારણીય કાર્યાલયની ગરિમાનું અપમાન થયું છે. પોલીસે યુવતી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૨, ૩૫૩(૧), અને ૩૫૬(૧) હેઠળ કેસ દાખલ કર્યો છે.

દિલ્હી સરકારે વિરોધ પ્રદર્શનમાં સામેલ લોકો સામે કોઈ પ્રતિકૂળ કાનૂની કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો છે. જોકે, આ રાહત ગુનાહિત ભૂતકાળ ધરાવતા વ્યક્તિઓને લાગુ પડશે નહીં. આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરવામાં આવશે. જો વિરોધ પ્રદર્શન દરમિયાન કોઈ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી હોય અથવા અટકાયત કરવામાં આવી હોય, તો તેમના કેસની સમીક્ષા કરવામાં આવશે અને તેમની તાત્કાલિક મુક્તિ માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

દિલ્હી સરકારે સ્પષ્ટતા કરી છે કે વિરોધ પ્રદર્શનમાં સામેલ લોકો સામે વધુ કોઈ પ્રતિકૂળ કાર્યવાહી કરવાનો તેનો ઈરાદો નથી. આ કેસ બંધ ગણાશે અને ભવિષ્યમાં કોઈ નવી કાર્યવાહી શરૂ કરવામાં આવશે નહીં.

એ નોંધવું જોઈએ કે અગાઉ, દિલ્હી પોલીસે ઈન્ટરનેટ મીડિયા પર પોસ્ટ કરાયેલ "વાંધાજનક" સામગ્રી માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય બંધારણીય વડાઓ સામે એફઆઈઆર નોંધી હતી. દિલ્હી પોલીસે ઠ અને અન્ય પ્લેટફોર્મ્સને પણ પત્ર લખીને આવી સામગ્રી દૂર કરવા અને તેને પોસ્ટ કરનારા વપરાશકર્તાઓ વિશે માહિતી આપવા જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વાંધાજનક સામગ્રીનો મોટાભાગનો ભાગ જંતર-મંતર પર કાક્રોચ જનતા પાર્ટીના વિરોધ દરમિયાન પોસ્ટ કરવામાં આવ્યો હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર, એક ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મને મોકલવામાં આવેલી નોટિસમાં, દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે વાંધાજનક સામગ્રીના પ્રસારથી વડા પ્રધાનની પ્રતિષ્ઠા, ગૌરવ અને જાહેર છબીને ગંભીર નુકસાન થયું છે. આવી સામગ્રીની સતત ઉપલબ્ધતા કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે છે, બિનજરૂરી રાજકીય વિવાદ પેદા કરી શકે છે અને જાહેર વિશ્વાસને નષ્ટ કરી શકે છે.

# અમદાવાદ સહિત ૪ જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં આજે રજા

અમદાવાદ,

અમદાવાદના લોકો થઈ જાઓ સાવધાન. અમદાવાદમાં અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદમાં ૮ ઈંચથી વધુ વરસાદની આગાહી કરાઈ છે. આવતીકાલે અમદાવાદ પર આભ ફાટવાની શક્યતા દર્શાવવામાં આવી છે. શહેરના રસ્તાઓ નદી બની જશે તેવી ભયંકર આગાહી કરાઈ છે. કાલે અમદાવાદ પર ડીપ ડિપ્રેશન, મોન્સૂન ટ્રફ, શીયર ઝોન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક સાથે સક્રિય છે, જેની અસર વર્તાશે. તમને જણાવી દઈએ કે, અમદાવાદ, વડોદરા, નવસારી અને આણંદ જિલ્લાઓમાં આ નિર્ણયનો તાત્કાલિક અમલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેથી વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહીને પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાવચેતીના પગલારૂપે છસ્ઝ્ર સંચાલિત તમામ આંગણવાડીઓ સોમવાર, તા. ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારે વરસાદ દરમિયાન બાળકોને અવરજવરમાં કોઈ મુશ્કેલી ન પડે તેમજ સંભવિત જોખમોને ટાળી શકાય તે માટે છસ્ઝ્ર સંચાલિત તમામ આંગણવાડીઓમાં કામગીરી તા. ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધી સ્થગિત રહેશે.

ભારેથી અતિભારે વરસાદની આગાહીને લઈ ખેડા જિલ્લામાં આવતીકાલે ૩૧ તારીખ શુક્રવાર અને એક ઓગસ્ટના શનિવાર ના રોજ ખેડા જિલ્લાની તમામ સ્કૂલ કોલેજો રહેશે બંધ.

વડોદરા જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. વરસાદની આ ગંભીર આગાહીને પગલે વિદ્યાર્થીઓ અને નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપતા વડોદરાના જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલ ધામેલીયા દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા પ્રશાસન દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ આવતીકાલે, ૩૧ જુલાઈએ વડોદરા જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે.

જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ અનુસાર, શહેરી વિસ્તાર સહિત સમગ્ર વડોદરા જિલ્લાના તમામ તાલુકાઓમાં આંગણવાડીઓ, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આઈ.ટી.આઈ. તમામ સરકારી તથા બિન-સરકારી કોલેજોમાં આ હુકમ લાગુ પડશે. આ તમામ સંસ્થાઓમાં આવતીકાલે શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે.

વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલ ધામેલીયા દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ આ સત્તાવાર હુકમ બહાર પાડવામાં આવ્યો છે. જિલ્લા પ્રશાસને આદેશનો ચુસ્તપણે અમલ કરવા સૂચના આપી છે. આ હુકમનો અનાદર કે ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને કામ વગર ઘરની બહાર ન નીકળવા અને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.નવસારી જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે શિક્ષણ વિભાગ દ્વારા એલર્ટ આપી દેવામાં આવ્યું છે. જિલ્લાની શાળા, કોલેજો, આઈટીઆઈ આંગણવાડીઓમાં વિદ્યાર્થીઓને બપોરે ૨ વાગ્યા બાદ રજા આપવાની જાહેરાત કરી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારીએ જિલ્લાની શાળા કોલેજોને પત્ર લખી રજા અપાવાની જાણ કરાઈ છે. અમદાવાદમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ અપાયું છે. અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા શાળાઓને સૂચના આપી દેવામાં આવી છે. શાળાઓએ પોતાની રીતે સાવચેત રહેતા જણાવ્યું છે.

# નવું બિલ હજુ પણ અધૂરું છે. તે પેપર લીક અટકાવવા માટે કંઈ કરતું નથી. દેશ જવાબો માંગે છે,મલ્લિકાર્જુન ખડગે

## તેમણે કહ્યું કે શિક્ષણ પ્રણાલીમાં મનુવાદી વિચારધારા પ્રબળ દેખાય છે.



નવીદિલ્હી,

લોકસભામાં પસાર થયા પછી, ગુરુવારે રાજ્યસભામાં "જાહેર પરીક્ષા (અયોગ્ય માધ્યમોનું નિવારણ) સંશોધન બિલ, ૨૦૨૬" રજૂ કરવામાં આવ્યું હતું. ચર્ચા દરમિયાન, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૫૨ પરીક્ષાના પેપર લીક થયા છે, છતાં એક પણ પેપરને સજા કરવામાં આવી નથી. સરકાર શું કરી રહી હતી? શું એજન્સીઓ સૂઈ રહી હતી? આ દરમિયાન, કોંગ્રેસના નેતાએ એક એવી ટિપ્પણી કરી જેનાથી હોબાળો મચી ગયો. મનુસ્મૃતિનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે શિક્ષણ પ્રણાલીમાં મનુવાદી વિચારધારા પ્રબળ દેખાય છે. આજે, ફક્ત આરએસએસ સભ્યો જ હાજર છે અથવા તેમને શિક્ષણ પ્રણાલીમાં મૂકવામાં આવી રહ્યા છે.

મલ્લિકાર્જુન ખડગેએ આ કહ્યું તે જ સમયે રાજ્યસભામાં હોબાળો મચી ગયો. જેપી નડ્ડા તાત્કાલિક બહાર આવ્યા અને માંગ કરી કે ખડગેની ટિપ્પણી ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે. નડ્ડાના નાયબ, સુધાંશુ ત્રિવેદીએ આ મુદ્દા પર સરકારનું વલણ રજૂ કર્યું અને વિપક્ષના નેતા ખડગેની ટિપ્પણી પર સવાલ ઉઠાવ્યા. તેમણે માંગ કરી કે કોંગ્રેસ પ્રમુખે તેમણે જે કહ્યું તે સાબિત કરે. ખડગેએ કહ્યું કે જીડીપી ના ૬ ટકા શિક્ષણ પર ખર્ચવા જોઈએ, પરંતુ સરકાર ફક્ત ૩ ટકા ખર્ચ કરે છે. પરિણામે, શિક્ષણ એક વ્યવસાય બની ગયું છે, જેના કારણે ગરીબ બાળકોને ભારે તકલીફ પડી રહી છે. આ એવી માનસિકતાનો પ્રભાવ છે જે શિક્ષણને થોડા લોકોનો અધિકાર માને છે, દરેકનો નહીં.

ખડગેએ કહ્યું, "પેપર લીકથી કેટલા નિર્દોષ લોકોને નુકસાન થયું, કેટલા લોકોને માર મારવામાં આવ્યો, કેટલા માતા-પિતા દુઃખી થયા, કેટલી સ્ત્રીઓ અને બાળકો પરેશાન થયા. ચર્ચા માટે રજૂ કરાયેલ 'જાહેર પરીક્ષા સુધારા બિલ ૨૦૨૬'માં, તમે ફક્ત આંકડા બદલ્યા છે. આ બિલ આંકડા બદલતું રહે છે. કંઈ થશે નહીં. તમે વધુ દંડ, કડક સજા, વિશેષ કાર્ય દળો અને ફાસ્ટ-ટ્રેક કોર્ટ જેવી જોગવાઈઓ શામેલ કરી છે."

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આનાથી કોઈ ફરક પડશે નહીં. આ ફરક તમે આ પરીક્ષા કેવી રીતે લો છો અને પેપર લીક વિના કેવી રીતે તૈયારી કરો છો તેના પર નિર્ભર રહેશે. અમે ૨૦૨૪ માં આવા કડક કાયદાની માંગ કરી હતી, પરંતુ તમે ત્યારે અમારી વાત સાંભળી ન હતી. બે વર્ષ પછી ૨૦૨૪ માં તમે જે કામ કરી રહ્યા છો તે કેમ ન કર્યું?ખડગેએ કહ્યું, "નવું બિલ હજુ પણ અધૂરું છે." ખડગેએ કહ્યું, "નવું બિલ હજુ પણ અધૂરું છે. તે પેપર લીક અટકાવવા માટે કંઈ કરતું નથી. દેશ જવાબો માંગે છે." મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં કહ્યું કે જો ગૃહમંત્રી જવાબ ન આપે તો તેમણે રાજીનામું આપવું જોઈએ. જો તેઓ રાજીનામું ન આપે તો વડા પ્રધાને તેમને હટાવવા જોઈએ. "લાઠીચાર્જનો આદેશ કોણે આપ્યો, ટીયર ગેસ અને પેલેટ ગનનો ઉપયોગ કરવાનો આદેશ કોણે આપ્યો?" પ્રધાનનું સ્વાગત કરવું એ નિષ્ફળતાની ઉજવણી કરવા જેવું છે. આ બિલ તેમની ખુરશી બચાવવા માટે રજૂ કરવામાં આવ્યું હતું. પ્રધાનનું સ્વાગત એવી રીતે કરવામાં આવ્યું જાણે તેમણે યુદ્ધ જીતી લીધું હોય

જયારે રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આ કવિતા વાંચી, ત્યારે આખું ગૃહ ગુંજી ઉઠ્યું. પેપર લીક વિરોધી બિલ લોકસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું, પરંતુ રાજ્યસભા દ્વારા તે હજુ સુધી પસાર થયું નથી. ગુરુવારે રાજ્યસભામાં પેપર લીક વિરોધી બિલ પર ચર્ચાનો ધમાકેદાર પ્રારંભ ખડગેએ કર્યો. તેમણે ઈન્સ્ટાગ્રામ પર વિરોધ કરતા વિદ્યાર્થીઓનો વીડિયો પોસ્ટ કરવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરી.મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં પીએમ મોદી પર પ્રહાર કરતા કહ્યું કે પીએમ રાત્રે ૧૨ વાગ્યે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો બનાવી રહ્યા હતા કારણ કે તેઓ ઊંઘી શકતા ન હતા. લોકો નારાજ હતા.

પીએમ મોદી પર પ્રહાર કરતા તેમણે કહ્યું, "તમને તમારા મનની વાત કહેવાની આદત છે. તમને પાછલી સરકારોની ટીકા કરવાની આદત હતી. તમે ઓછામાં ઓછા બાળકોને સંબોધિત કરી શક્યા હોત." જો તમને તેમની સાથે વાત કરવાનો સમય મળે તો પણ રાત્રે ૧૨ વાગ્યા હતા. તમને તમારા મનની વાત કહેવાની આદત છે. તમને પાછલી સરકારોની ટીકા કરવાની આદત હતી. તમે ઓછામાં ઓછું બાળકોને સંબોધિત કરી શક્યા હોત.

ખડગેએઁ વડાપ્રધાન પર હુમલો કરતા કહ્યું, "આભાર, તે પણ રાત્રે ૧૨ વાગ્યે, આભાર મિત્રો..." તેમણે નવા શબ્દોનો ઉપયોગ કર્યો. નહિંતર, તેઓ હંમેશા હિન્દીમાં બોલે છે. તેમણે કહ્યું, "અમે ૨૦૨૪ માં એક મજબૂત કાયદાની માંગ કરી હતી, પરંતુ તમે અમારી માંગણી સ્વીકારી ન હતી. પછી તમે ઉતાવળમાં બિલ લાવ્યા. ચૂંટણીઓ નજીક આવી રહી હતી. રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા પર હતા. ત્યારે તેમને શ્રેય મળ્યો ન હોત."

અમે આ સુધારા બિલનું સ્વાગત કરીએ છીએ, પરંતુ તે તમારા ઈરાદાઓને પ્રતિબિંબિત કરતું નથી. આ બિલ પ્રવર્તમાન પરિસ્થિતિને શાંત કરવા માટે રજૂ કરવામાં આવ્યું છે. તેનો હેતુ સમસ્યાનો ઉકેલ લાવવાનો નથી; આ બિલ હજુ પણ અધૂરું છે.

# છેલ્લા ૧૨ વર્ષમાં ભારતીય રેલ્વેએ પાંચ લાખથી વધુ લોકોને રોજગારી આપી છે,વૈષ્ણવે

નવીદિલ્હી,

ભારતના રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંસદને માહિતી આપી કે છેલ્લા ૧૨ વર્ષમાં ભારતીય રેલ્વેએ પાંચ લાખથી વધુ લોકોને રોજગારી આપી છે. તેમણે લોકસભામાં જણાવ્યું હતું કે ૨૦૧૪ થી જૂન ૨૦૨૬ સુધી રેલ્વેમાં ૫.૫૬ લાખ લોકોની ભરતી કરવામાં આવી હતી. આમાં વિવિધ હોદ્દાઓ પર નિમણૂકોનો સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન, દક્ષિણ રેલ્વેમાં ૫૦,૪૮૫ લોકો કાર્યરત હતા. યુપીએ શાસન સાથે સરખામણી કરતા, રેલ્વે મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ સુધી કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ ગઠબંધન સરકાર દરમિયાન ૪.૧૧ લાખ લોકોની ભરતી કરવામાં આવી હતી.

રેલ્વે મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે રેલ્વેમાં ભરતી વિવિધ ઝોનની જરૂરિયાતો પર આધારિત છે, અને રેલ્વે ભરતી પરીક્ષાઓ મોટા પાયે લેવામાં આવે છે. આમ છતાં, રેલ્વે હંમેશા સ્થાપિત માર્ગદર્શિકાઓનું પાલન કરીને પારદર્શક રીતે પરીક્ષાઓ યોજી છે. અશ્વિની વૈષ્ણવે ગૃહને માહિતી આપી હતી કે સમય જતાં બદલાતી ટેકનોલોજી સાથે, લોકોની જરૂરિયાતો બદલાતી રહે છે. આને ધ્યાનમાં રાખીને, વિવિધ હોદ્દાઓ માટે ભરતી કરવામાં આવે છે.

નાંદેડના કોંગ્રેસના સાંસદ રવિન્દ્ર વસંતરાવ ચવ્હાણે ્ઈ વર્કલોડનો મુદ્દો ઉઠાવ્યો હતો અને પૂછ્યું હતું કે શું વર્તમાન સિસ્ટમ હેઠળ ઉત્તર રેલ્વે ટ્રેનોમાં, ખાસ કરીને દિલ્હીના સરાઈ રોહિલ્લા અને જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર વચ્ચે દોડતી ટ્રેન નંબર ૨૨૪૦૧/૨૨૪૦૨ પર વધારાના ટીટીઈ મુસાફરી કરે છે. વૈષ્ણવે કહ્યું કે નવી માર્ગદર્શિકા અનુસાર, એક ટીટીઈ મહત્તમ પાંચ એસી કોચ અથવા ત્રણ ચેર કાર અથવા સ્લીપર કોચ માટે તૈનાત છે. રેલ્વે મંત્રીએ કહ્યું, "ટ્રેનમાં તૈનાત ટીટીઈ ની સંખ્યા કોચની સંખ્યા અને પ્રકાર પર આધાર રાખે છે. આ હાલના સ્ટાફનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરે છે અને યોગ્ય ટિકિટ ચકાસણી અને મુસાફરોની સહાય સુનિશ્ચિત કરે છે." તેમણે ઉમેર્યું હતું કે સ્ટાફના વધુ સારા ઉપયોગ માટે પગલાં અપનાવવા માટે ઝોનલ રેલ્વેને સમયાંતરે વહીવટી માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.રેલ્વે મંત્રીએ જણાવ્યું હતું કે ભારતીય રેલ્વે રદ કરાયેલ અને વેઈટલિસ્ટેડ ટિકિટોમાંથી થતી કમાણીનો પ્રદેશવાર રેકોર્ડ રાખતું નથી. રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ અને અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોની ટિકિટો પર લાગુ પડતા રદ કરવાના ચાર્જ અને સમયમર્યાદા અન્ય ટ્રેનો પર લાગુ પડતા રદ કરવાના ચાર્જ કરતા અલગ છે. તેમણે અન્ય ટ્રેનોની ટિકિટો રદ કરવાના નિયમોની માહિતી ટેબલના રૂપમાં આપીવૈષ્ણવે વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ અને અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો માટે કન્ફર્મ ટિકિટો રદ કરવા માટે લાગુ પડતા નિયમોની માહિતી પણ આપી હતી. જવાબ મુજબ, જો કન્ફર્મ ટિકિટ ટ્રેનના નિર્ધારિત પ્રસ્થાનના ઓછામાં ઓછા ૭૨ કલાક પહેલા રદ કરવામાં આવે છે, તો ભાડાના ૨૫ ટકા કાપવામાં આવે છે. જો રદ કરાયેલ ટિકિટ સુનિશ્ચિત પ્રસ્થાનના ૭૨ કલાકથી આઠ કલાક પહેલા કરવામાં આવે છે, તો ભાડાના ૫૦ ટકા કાપવામાં આવે છે અને જો રદ કરાયેલ ટિકિટ ટ્રેનના નિર્ધારિત પ્રસ્થાનના આઠ કલાક કરતા ઓછા સમય પહેલા કરવામાં આવે છે, તો કોઈ રિફંડ આપવામાં આવતું નથી.

મહિસાગર - છોટાઉદેપુર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા,બોડેલી

પંચમહાલ સમાચાર

# મહીસાગરમાં NSUIનો વિરોધ શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે કલેક્ટર કચેરીએ સૂત્રોચ્ચાર



મહિસાગર,

ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટીના ઈઅખજપેપર લીક મામલે મહીસાગરમાં ગર્જાઈ અને યુથ કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.NSUI અને યુથ કોંગ્રેસના કાર્યકરો તેમજ વિદ્યાર્થીઓ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. જ્યાં તેમણે જીલ્લા નાયબ ચીટનીશને આવેદનપત્ર સુપરત કર્યું.

આ દરમિયાન, NSUI અને યુથ કોંગ્રેસના પ્રમુખો અને જીલ્લા પ્રમુખની આગેવાની હેઠળ કલેક્ટર કચેરીમાં 'શિક્ષણમંત્રી રાજીનામું આપો' ના નારા લગાવવામાં આવ્યા હતા. આંદોલનકારીઓએ રાજ્યમાં વારંવાર થતા પેપર લીક કૌભાંડો સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

ગુરુ ગોવિંદ યુનિવર્સિટી, ગોધરાના NSUI પ્રમુખ આશિષ પરમારે જણાવ્યું હતું કે, જો તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો રાજ્યવ્યાપી આંદોલન કરવામાં આવશે.

# પાવી જેતપુરના અણિયાદ્રી ગામે મકાનમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા રોકડ અને ઘરવખરી બળીને ખાખ

છોટા ઉદેપુર,

પાવી જેતપુર તાલુકાના અણિયાદ્રી ગામમાં મધરાત્રે એક મકાનમાં આગ લાગી હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આ આગમાં ઘરવખરી, રોકડ રકમ, દસ્તાવેજો અને અનાજ સહિતનો તમામ સામાન બળીને ખાક થઈ ગયો હતો. આ ઘટનામાં પરિવાર બેઘર બન્યો છે અને લાખો રૂપિયાનું નુકસાન થયું છે.



અણિયાદ્રી ગામના કઠામ ફળિયામાં રહેતા ભીમસિંગભાઈ મોહનભાઈ રાઠવા પોતાના પરિવાર સાથે રાત્રે સૂઈ રહ્યા હતા. ત્યારે રાત્રીના આશરે ૧.૨૦ વાગ્યાના સુમારે તેમના મકાનમાં શોર્ટ સર્કિટ થતાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગતા જ પરિવારજનો ઘરની બહાર નીકળી ગયા હતા.પરિવારજનોની બુમાબુમ સાંભળીને આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને જોતજોતામાં આખા મકાનને પોતાની ઝપેટમાં લઈ લીધું હતું.આ આગમાં ઘરમાં રહેલી તમામ ઘરવખરી, સામાન, સોના-ચાંદીના ઘરેણાં, રોકડ રકમ રૂ. ૧,૫૦,૦૦૦/-, અગત્યના દસ્તાવેજો, અનાજ અને ઘાસચારો બળીને ખાક થઈ ગયા હતા.આસપાસના લોકોએ છોટાઉદેપુર ફાયર વિભાગને જાણ કરતા ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. પરંતુ ત્યાં સુધીમાં આખું ઘર સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયું હતું. આ ઘટનાને કારણે રાઠવા પરિવાર રાતોરાત બેઘર બન્યો છે.

# છોટાઉદેપુરના તેજગઢ પાસેથી સન્ની ગાડીમાં લઈ જવાતો રૂા.૬૩,૭૫૦ના દારૂ સાથે બે ઈસમો એલ.સી.બી.એ ઝડપાયા




છોટા ઉદેપુર,

છોટા ઉદેપુર જીલ્લા LCBએ તેજગઢ નજીકથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. નિશાન સન્ની ગાડી માંથી રૂા.૬૩,૭૫૦ની કિંમતનો દારૂ મળી આવ્યો હતો, જેમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

જીલ્લા LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે તેમને બાતમી મળી હતી કે, GJ.23.AF.3357 નંબરની નિશાન સન્ની ગાડીમાં વિદેશી દારૂ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે તેજગઢ પેટ્રોલ પંપ પાસે વોચ ગોઠવવામાં આવી હતી.

વોચ દરમિયાન બાતમી મુજબની ગાડી આવતા તેને રોકવામાં આવી હતી. તપાસ કરતા ગાડીની ડિકી પાસે બ્રેક લાઈટના ભાગમાં બનાવેલા ચોરખાનામાંથી વિદેશી દારૂની કુલ ૬૭૫ બોટલો મળી આવી હતી. આ દારૂની કિંમત રૂા.૬૩,૭૫૦ આંકવામાં આવી છે.

કઈઇ ટીમે દારૂ અને નિશાન સન્ની ગાડી સહિત મિતકુમાર ભુપેન્દ્રભાઈ પંચાલ (રહે. નીલાંબર બંગલો ૨, મકાન નં.૪, ગુરૂકુલ ચાર રસ્તા, વડોદરા) અને રવિભાઈ ડાહ્યાભાઈ પરમાર (રહે. ગાજરાવાડી, સુવેજ પમ્પિંગ સ્ટેશન, વિશ્વકર્મા નગર, વડોદરા)ની ધરપકડ કરી છે. કુલ રૂા.૩,૭૯,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

છોટા ઉદેપુર સરહદી જીલ્લો હોવાથી પરપ્રાંત માંથી વિદેશી દારૂ ઘુસાડવાના પ્રયાસો અવારનવાર થતા રહે છે, જેને જીલ્લા પોલીસ નિષ્ફળ બનાવી રહી છે.

# ડભોઈ-બોડેલી રોડ પર અકસ્માત રોકવા બોડેલી માર્ગ વિભાગે હોટસ્પોટ પર સલામતીના સાધનો ગોઠવ્યા




સંખેડા,

ડભોઈ-બોડેલી રોડ પર પાટણા ગામ નજીક વારંવાર થતા અકસ્માતોને રોકવા માટે બોડેલી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ સેફ્ટીના પગલાં લેવામાં આવ્યા છે. આ વિસ્તારમાં અકસ્માતોની વધતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

રોડ સેફ્ટી અંતર્ગત થર્મોપ્લાસ્ટ માર્કિંગ, જે રાત્રિના સમયે પણ સ્પષ્ટ દેખાય તેવી રોડ લાઈનો, સ્પીડ લિમિટ બોર્ડ અને ચેતવણી દર્શક બોર્ડ ગોઠવવામાં આવ્યા છે. આ બોર્ડ વાહનચાલકોને ઝડપ ધીમી રાખવા અને આગળ જોખમી વળાંક અથવા અકસ્માત ઝોન વિશે જાણકારી પૂરી પાડશે. રાત્રિ દરમિયાન દિશા દર્શન માટે પણ આ બોર્ડ મદદરૂપ થશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પગલાંથી માર્ગ અકસ્માતોમાં ઘટાડો થશે અને વાહનચાલકોને વધુ સુરક્ષિત મુસાફરીનો અનુભવ મળશે.

# લુણાવાડા- મહિસાગર હાઈવે ઉપરના ખાડાઓનું માર્ગ અને મકાન વિભાગે તાત્કાલિક મરામત કરી



મહિસાગર,

જીલ્લામાં ભારે વરસાદને કારણે લુણાવાડા-સંતરામપુર સ્ટેટ હાઈવે પર પડેલા ખાડાઓની મરામત પૂર્ણ કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા આ કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી હતી, જેથી વાહનવ્યવહાર પૂર્વવત થઈ શકે.

વરસાદને લીધે આ વ્યસ્ત માર્ગ પર ખાડા પડતાં વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી હતી. નાગરિકોની સુવિધા અને માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને જીલ્લા વહીવટી તંત્રએ સઘન કામગીરી હાથ ધરી હતી.

માર્ગ અને મકાન વિભાગે આ સમસ્યાને ગંભીરતાથી લઈ તાત્કાલિક સમારકામ શરૂ કર્યું. આ મરામત કાર્યમાં 'કોલ્ડ મિક્સ' પદ્ધતિનો ઉપયોગ કરાયો હતો, જે વરસાદી માહોલ વચ્ચે પણ ઝડપી અને મજબૂત સમારકામ માટે અસરકારક છે.

આ ઝડપી અને આધુનિક પદ્ધતિથી થયેલી કામગીરીને પગલે લુણાવાડા અને સંતરામપુર વચ્ચેનો વાહનવ્યવહાર હવે સંપૂર્ણપણે સરળ અને સુરક્ષિત બન્યો છે. રસ્તા પરના ખાડાઓ પુરાઈ જવાથી અકસ્માતનું જોખમ પણ ટળ્યું છે.

# બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં રોગચાળો અટકાવવા ફોગિંગ અને દવાનો છંટકાવ કરવાના આવ્યો



બાલાસીનોર,

ચોમાસાની ઋતુમાં વરસાદના વિરામ બાદ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વકરવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને, બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં નગરજનોના આરોગ્યની સુખાકારી માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.

તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારમાં યુદ્ધના ધોરણે ફોગિંગ, પાવડર છંટકાવ અને જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. ખાબોચિયાં, ગટર લાઈનો, ખુલ્લા પ્લોટ અને ગીચ વિસ્તારોમાં મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે સફાઈ અને આરોગ્ય વિભાગની ટીમો સતત કાર્યરત છે.

આ તકે નગરજનોને અપીલ કરવામાં આવે છે કે, તેઓ પોતાના ઘરની આસપાસ ગંદકી કે પાણી ભરાવા ન દે, જૂના ટાયર કે ભંગારમાં ભરાયેલા વરસાદી પાણીનો તાત્કાલિક નિકાલ કરે અને સ્વચ્છતા જાળવી પાલિકાની આ રોગચાળા નિયંત્રણ કામગીરીમાં પોતાનો સંપૂર્ણ સહકાર આપે.

# સંખેડાના હરેશ્વર વસાહત માંથી ગેરકાયદે પિસ્તોલ સાથે યુવકને ઝડપ્યો

સંખેડા,

છોટાઉદેપુર જ્યત્રઙ્ગ એ સંખેડા તાલુકાના હરેશ્વર વસાહતમાંથી લાઈસન્સ વગરની પિસ્તોલ સાથે એક યુવકની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહી ગેરકાયદેસર હથિયારો વિરૂદ્ધ ચલાવવામાં આવી રહેલી ઝુંબેશના ભાગરૂપે કરવામાં આવી હતી. ATS અને કોસ્ટલ સિક્યુરિટી ગુજરાત તેમજ વડોદરાના IGP સંદીપસિંહ અને SP ઈમ્તીયાઝ શેખની સૂચનાથી જીલ્લામાં ગેરકાયદેસર હથિયાર ધરાવતા લોકો પર સતત નજર રાખવામાં આવી રહી હતી.



SOG PSIને મળેલી ખાનગી બાતમીના આધારે સંખેડા પોલીસ સ્ટેશન વિસ્તારના હરેશ્વર વસાહત ખાતે રેઈડ કરવામાં આવી હતી.રેઈડ દરમિયાન ગુજરીયાભાઈ સાંગાભાઈ રાઠવાના કબજા માંથી લાઈસન્સ-પરવાના વગરની એક પિસ્તોલ મળી આવી હતી. આ પિસ્તોલની અંદાજીત કિંમત રૂ.૨૫ હજાર આંકવામાં આવી છે. પકડાયેલા આરોપી વિરૂદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ સંખેડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ કામગીરીમાં SOG PSI, ASI, HC સહિતનો સ્ટાફ જોડાયો હતો. પોલીસે જણાવ્યું છે કે, જીલ્લામાં ગેરકાયદેસર હથિયારો સામે આગામી દિવસોમાં પણ સઘન કાર્યવાહી ચાલુ રહેશે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, પરંતુ તમારે સામાજિક અંતરના નિયમોનું પાલન કરવું જોઈએ.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ- ૭૦૯/૨૦૨૬ તા.૨૩/૦૭/૨૦૨૬
અરજદારઃદેહદા નર્મદાબેન રતનાભાઈ રહે અભલોડ(ભુદરખેડી ફ.) તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, અભલોડ, તા. ગરબાડા,જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી દેહદા નર્મદાબેન રતનાભાઈ પુત્ર નામે દેહદા અજયભાઈ રતનાભાઈ નો જન્મ તા.૦૮/૧૦/૨૦૧૦ ના રોજ ગામ. અભલોડ(ભુદરખેડી ફ.) ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,અભલોડ,તા.ગરબાડા,જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમનાપુત્ર ના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૨૩/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૫૭/૨૦૨૬, તા.૩૦/૦૬/૨૦૨૬
અરજદાર- શ્રી બારીઆ ગોકળભાઈ પારસિંગ, રહે.ભોરવા,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્મ્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી બારીઆ ગોકળભાઈ પારસિંગ તેમના પુત્ર/પુત્રી નામે (૧) બારીઆ પિંકલબેન ગોકળભાઈ ની જ્મ્મ તા.૦૬/૦૫/૨૦૧૧ (૨) બારીઆ રીંકાબેન ગોકળભાઈ ની જ્મ્મ તા.૦૧/૧૦/૨૦૦૭ (૩) બારીઆ સેજલબેન ગોકળભાઈ ની જ્મ્મ તા.૧૭/૦૬/૨૦૦૯ (૪) બારીઆ કલેશ્વરકુમાર ગોકળભાઈની જ્મ્મ તા.૨૪/૦૧/૨૦૧૩ નારોજ મુ.ભોરવા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર/પુત્રીનો જ્મ્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર/પુત્રીનો જ્મ્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ-૩૦ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૧૫૫/૨૦૨૬, તા.૦૬/૦૬/૨૦૨૬
અરજદાર- શ્રી વિનોદભાઈ માનસિંગભાઈ પટેલ , રહે.દુધામલી,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,દુધામલી, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્મ્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી વિનોદભાઈ માનસિંગભાઈ પટેલ તેમના પુત્ર નામે પટેલ ભવદીપભાઈ વિનોદભાઈની જ્મ્મ તા.૨૦/૦૪/૨૦૧૪ નારોજ મુ.દુધામલી, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો જ્મ્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.દુધામલી, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રનો જ્મ્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ-૦૬ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૨૦૭/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬
અરજદારઃ પરમાર બાલુભાઈ મોતીયાભાઈરહે. દશલા, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, દશલા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર બાલુભાઈ મોતીયાભાઈના પુત્રના નામે પરમાર કાળીયાભાઈ બાલુભાઈનું મરણ તા.૧૬/૦૧/૨૦૦૪ના રોજ દશલા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનું મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, દશલા, તા.જિ.દાહોદના જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,દશલા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૩૦ માંહે :જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
-સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**
અરજદારઃ-વલી મુસતાકભાઈ અ.રહેમાન,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.
વિરુદ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ સબ,રજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના ભાઈ નામે વલી આરિફ અ.રહેમાનનું તા.૦૧/૦૮/૧૯૭૧ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભાઈના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૯૮/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૩૦, માહેઃ- જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

હુકમથી
કોર્ટનો સિક્કો
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

**જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**
અરજદારઃ- લડબડ હાફિજનિશાર અ.મજીદ,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.
વિરુદ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ સબ,રજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા. શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના ભાઈ નામે લડબડ મુસ્તાક અબ્દુલમજીતનું તા.૧૫/૦૭/૧૯૬૩ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભાઈના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૫૬/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૩૦, માહેઃ- જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

હુકમથી
કોર્ટનો સિક્કો
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

**જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા**
અરજદારઃ- લડબડ સઈદાબેન હાફિજનિશાર તે વલી અહેમદ ઈસાની દિકરી,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.
વિરુદ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ સબ,રજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે વલી આબેદાબીબી અહેમદનું તા.૧૩/૦૯/૧૯૬૭ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેનના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૫૯૯/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૩૦, માહેઃ- જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

હુકમથી
કોર્ટનો સિક્કો
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

# દે.બારીયા નગર પાલિકા પેટા ચુંટણીમાં ઈન્ડીયા ગઠ બંધનને છ સીટ માંથી ચાર ઉમેદવારોને જીત મેળવીને ભાજપ બે સીટમાં સંતોષ માનવો પડયો



દે.બારીયા,
દે.બારીયા નગર પાલિકાની પેટા ચુંટણીના પરિણામ તા.૩૦/૦૭/૨૦૨૬ના ગુરુવારે જાહેર થતા સૌ કોઈને ચોંકાવનારા છે. ભાજપના મેન્ડેટ ઉપર અગાઉ ચુંટાઈને આવેલા છ સભ્યોને છ વર્ષ માટે સસ્પેન્ડ તો કરી દીધા તેઓ એજ ભાજપની નાવને ડુબાવી છે. કુલ પેટા ચુંટણીની છ સીટો માંથી માત્ર બે સીટ ઉપર ભારતીય જનતા પાર્ટીને માંડ માંડ જીત મેળવીને સંતોષ માનવો પડયો છે. એક સીટ ઉપર રીકાઉન્ટીગની પ્રક્રિયાથી ભાજપને જીત મળી હતી. તેવું ચર્ચાઈ રહ્યું છે. જયારે ચાર સીટો ઈન્ડીયા ગઢ બંધનને ફાળે જતા કોંગ્રેસના અચ્છે દીન આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપ માંથી સસ્પેન્ડ થયેલા ધુરંધરોમાં ગોપાલસિંહ ઝાલાએ આમ આદમી પાર્ટી માંથી પોતાની ઉમેદવારી નોંધાવીને ૮૨૭ મત પ્રાપ્ત કર્યા છે, જયારે ભાજપના ઉમેદવાર જયેન્દ્ર સી.રાઉલજીને ૮૫૪ વોટ મેળવી વિજય જાહેર થયા માત્ર ૨૭ વોટના માર્જીંગથી જીત મેળવી છે. જયારે વોર્ડ નં.૪માં પણ ભાજપ માંથી સસ્પેન્ડ કરેલા ઉમેદવારે આમ આદમી પાર્ટીના સીમ્બોલ ઉપર પોતાની ઉમેદવારી નોંધાવતા ભાજપ ઉમેદવાર તેજલબેન મહેતાને ૯૭૦ વોટ મળ્યા હતા. આમ આદમી પાર્ટીના ઉમેદવાર નિધી અક્ષયકુમાર જૈનને ૧૦૭૦ વોટ મેળવતા એક સો વોટથી જીત મેળવી હતી. આ વોર્ડના એસ.ટી. કક્ષાના ઉમેદવાર સરલાબેન આર. મેંડાને ૮૨૩ વોટ મેળવ્યા. ભાજપના મંજીતાબેન પસાયાને ૭૪૮ વોટ મળતા ૭૫ વોટથી આમ આદમી પાર્ટીને જીત અપાવી છે. જયારે વોર્ડ નં.૫માં કોંગ્રેસના ઉમેદવારો ઉભા રાખતા સીધી ટકકર સામે ભાજપના નિમેશકુમાર (વિપુલ પટેલ) ૧૦૯૫ના મત સામે ૧૦૧૪ વોટ મળતા ૮૧ વોટથી કોંગ્રેસના ઉમેદવાર અક્ષયકુમાર સુથારે જીત મેળવીને ભાજપના પ્રભેત્વવાળી સીટ પર કબ્જો જમાવી દીધો છે. જયારે ભાજપના એસ.ટી. ઉમેદવાર વર્ષાબેન ૮૦૮ વોટ મળતા કોંગ્રેસના એસ.સી. ઉમેદવાર લક્ષ્મીબેન હરીજન ૮૪૫ વોટ મેળવતા માત્ર ૩૭ વોટના માર્જીંગથી જીત મેળવી હતી અને તમને જણાવી દઈએ કે, આ કોંગ્રેસ પાર્ટીએ એક મહિલા ગરીબ ડોર ટુ ડોર કર્મચારી કલેકશન કરતા મહિલા કર્મીને ઉમેદવાર બનાવ્યા હતા. તે બદલ સૌનો આભાર વ્યકત કર્યો હતો અને તેમની ખુશી સમાતી ન હતી. એકંદરે પાલિકાની કમાણીની લડાઈ બોડી બહુમતની સંખ્યા ઓછી થઈ ગઈ છે. આ બોડી કેટલો સમય ટકશે કે નહિ તેવું આમ જનતામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

# દાહોદ જીલ્લામાં ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટે તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં રજા જાહેર

દાહોદ,
જીલ્લામાં ભારે વરસાદની આગાહી અને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી ચેતવણીને ધ્યાનમાં રાખીને જીલ્લા કલેકટર સુરભિ ગૌતમના માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાના તમામ સરકારી, ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો તેમજ આંગણવાડીઓમાં તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ અને તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સ્થાનિક રજા જાહેર કરવામાં આવી છે.

દાહોદના શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે તમામ શાળાના આચાર્યો અને મુખ્ય શિક્ષકોને સૂચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓની સલામતીને પ્રાથમિકતા આપતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગે તમામ શાળાઓને આ સૂચનાનું ચુસ્તપણે પાલન કરવા તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓને સમયસર જાણ કરવાની સૂચના આપી છે. સાથે જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને પણ પોતાના કાર્યક્ષેત્રની તમામ શાળાઓ સુધી આ સૂચના પહોંચાડવા જણાવાયું છે.

જીલ્લા વહીવટીતંત્રે નાગરિકોને અનાવશ્યક બહાર ન નીકળવા, સાવચેતી રાખવા તેમજ હવામાન વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કર્યો છે.

# સંજેલીમાં સરકારી અનાજની દુકાન સામે ગંભીર આક્ષેપ:વિધવા બહેન અને પુત્રએ અનાજનું પોટલું લઈને મામલતદારને લેખિત રજૂઆત





દાહોદ,
દસોડ જીલ્લાના સજેલી તાલુકાના સંજેલી નગરમાં આવેલી સરકારી અનાજની દુકાન સાથે ગંભીર આક્ષેપો સાથે વિધવા લાભાર્થી અને તેમના પુત્રએ અનાજનું પોટલું માથે મૂકી મામલતદાર કચેરીએ પહોંચી લેખિત રજુઆત કરી હતી.

અરજી મુજબ માડલી રોડ સ્થિત અરવિદભાઈ પીઠડયા સંચાલિત સરકારી અનાજની દુકાનમાંથી વિધવા લાભાર્થી લમીબેન રમણભાઈને નિયમ મુજબ મળવાપાત્ર જથ્થા કરતા ઓછું અનાજ આપવામાં આવે છે. અરજદારના જણાવ્યા અનુસાર ૨૦ કિલો ચોખાની પાવતી કાઢવામાં આવે છે. પરંતુ માત્ર અંદાજે ૧૮ કિલો ચોખા આપવામાં આવે છે. તેવી જ રીતે ૧૯ કિલોગ્રામની પાવતી સાથે ૧૩ કિલો ઘઉં આપવામા આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજદારે જણાવ્યું છે કે, આ મુદ્દે દુરાનદાર રામે ત્રણ વખત બોલાચાલી થઈ હોવા છતા કોઈ ઉકેલ આવ્યો નથી અને સતત ઓછુ અનાજ આપવામાં આવે છે. ગરીબ અને વિધવાના લાભાર્થીઓના હક્કના અનાજમાં ગેરરીતિ થતી હોવાનો આક્ષેપ અરજી મા કરવામાં આવ્યો છે. અરજીમાં વધુ એક ગભીર આક્ષેષ કરવામાં આવ્યો છે કે, દુકાનદારે પોતે મામલતદારને હપ્તો આપનો હોવાનો ઠાવો કરીને મનમાની ચલાવતો હોવાની વાત પણ અરજદારે લેખિતમાં રજૂ કરી છે. નોંધનીય છે કે, આ દાવો અરજદાર દ્વારા કરવાયા આવેલ આક્ષેપ છે, જેની સહાર પુષ્ટિ થઈ નથી.

અરજદારે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ હાથ ઘરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવા તેમજ ગરીબ, વિધવા અને અન્ય જરૂરિયાતમંદ લાભાર્થીઓને તેમના હાલનું સંપૂર્ણ અનાજ મળે તે માટે યોગ્ય ન્યાય આપવાની માગ કરી છે. હવે આ મામલે તત્ર દ્રારા શુ કાર્યવાહી કરવામ આવે છે તેના પર સૌની નજર છે.

# દાહોદ જીલ્લામાં માર્ગોના પેચવર્કનું કાર્ય યુદ્ધના ધોરણે શરૂ : રૂવાબારી એપ્રોચ રોડ પર GSB પેચવર્કથી માર્ગ સુધારણા હાથ ધરાઈ




દાહોદ,
રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચોમાસાની ઋતુ દરમિયાન માર્ગો વાહન વ્યવહાર માટે સલામત અને સુગમ રહે તે માટે માર્ગ મરામત કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી છે.

તેના ભાગરૂપે દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં આવેલ રૂવાબરી એપ્રોચ રોડ (કિ.મી. 0/0 થી ૯/૪૦૦) પર પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ દ્વારા GSB પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ માર્ગ પર વરસાદને કારણે સર્જાયેલા ખાડાઓ અને ક્ષતિગ્રસ્ત વિસ્તારોમાં GSB પેચવર્ક કરીને માર્ગની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો કરવામાં આવી રહ્યો છે. કામગીરી પહેલાં અને બાદના ફોટોગ્રાફ્સમાં માર્ગની ગુણવત્તામાં થયેલો ફેરફાર સ્પષ્ટપણે જોવા મળે છે.વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરીથી વાહનચાલકોને વધુ સુરક્ષિત અને સરળ મુસાફરીની સુવિધા મળશે તેમજ ચોમાસા દરમિયાન માર્ગ અકસ્માતોની સંભાવના પણ ઘટશે. સ્થાનિક ગ્રામજનો અને રોજિંદા મુસાફરોને પણ આ કામગીરીથી રાહત મળશે.

પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ દાહોદ દ્વારા જીલ્લામાં વિવિધ માર્ગો પર જરૂરિયાત મુજબ તબક્કાવાર મરામત અને પેચવર્કની કામગીરી સતત કરવામાં આવી રહી છે. વિભાગનો મુખ્ય ઉદ્દેશ સલામત, સુવિધાજનક અને અવરજવર માટે યોગ્ય માર્ગ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનો છે.

# પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ દાહોદ ખાતે પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન હેઠળ તાલીમ/અભ્યાસ વર્ગની કરાઈ શરૂઆત



દાહોદ,
પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ દાહોદ ખાતે પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને આરજીએસએ અંતર્ગત જીલ્લા અને તાલુકા પંચાયતના નવનિયુક્ત પદાધિકારીઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA) કાર્યક્રમ હેઠળ જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા હોદ્દેદારો માટે વિશેષ અભ્યાસ વર્ગ/તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પ્રસંગોચિત્ત ઉદબોધન દરમ્યાન સ્થાનિક પ્રશ્નો અને લોકભાગીદારી, ગ્રામીણ કક્ષાએ પીવાના પાણી, રસ્તાઓ, કચરા વ્યવસ્થાપન, આંગણવાડી, પ્રાથમિક શિક્ષણ, કૃષિ, મહિલા શિક્ષણ, રોજગારી અને આવાસ જેવા પાયાના પ્રશ્નોને લોકભાગીદારી વધારીને ઉકેલવા પર ભાર મુકયોહતો. તેમણે જણાવ્યું હતું કે, સરકારી યોજનાઓનો મહત્તમ ઉપયોગ, સ્થાનિક ગ્રામીણ સમસ્યાઓના ઉકેલ માટે સરકારી સહયોગ અને યોજનાઓનો અસરકારક ઉપયોગ કરી લોકોને ઉપયોગી કઈ રીતે થવાય, એમને મદદરૂપ કઈ રીતે થવાય એ દિશામાં જવાબદારી નિભાવવાની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને બે રાજ્યોની સરહદ ધરાવતા આ જીલ્લાને રાજ્યમાં અગ્રેસર (અવલ નંબરનો) જીલ્લો બનાવવા માટે વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે મળીને કટીબદ્ધતાથી કામ કરી અને દાહોદ જીલ્લાને આગળ લાવવાના તમામ પ્રયત્નો કરવાના છે.

આ તાલીમ દરમિયાન ચૂંટાયેલા હોદ્દેદારો, અધિકારીઓ અને સભ્યોને ગ્રામીણ વિકાસ અને સ્થાનિક શાસનને મજબૂત બનાવવા માટેના વિવિધ વિષયો પર માસ્ટર્સ ટ્રેનર્સ દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવશે.

આ કાર્યક્રમમાં પંચાયતી રાજ વ્યવસ્થાનું માળખું, વિકાસ આયોજનની પ્રક્રિયા, પંચાયતની નાણાકીય વ્યવસ્થા તથા ચૂંટાયેલા સભ્યોની સત્તાઓ, જવાબદારી અને ફરજો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવી હતી.આ કાર્યક્રમ દરમ્યાન જીલ્લા પંચાયત પ્રમુખ ગમાબેન મોહનિયા તેમજ ધારાસભ્યો કનૈયાલાલ કિશોરી (દાહોદ), મહેન્દ્રભાઈ ભાભોર (ગરબાડા), મહેશભાઈ ભુરીયા અને અન્ય પદાધિકારીઓ સહિત જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ઉપરાંત જીલ્લા અને તાલુકા પંચાયતના નવનિયુક્ત પદાધિકારીઓ, સભ્યો તેમજ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ લોકસભા વિસ્તારમાં NH-47 પર અકસ્માતો રોકવા સાંસદ જસવંતસિંહ ભાભોરની મોટી રજૂઆત



દાહોદ,
દાહોદ લોકસભા વિસ્તાર માંથી પસાર થતા નેશનલ હાઈવે-૪૭ પર સતત વધી રહેલા ટ્રાફિક અને જનસુરક્ષાને ધ્યાનમાં રાખીને સાંસદ જસવંતસિંહ ભાભોરે કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીને એક મહત્વનો પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં હાઈવેના સૌથી સંવેદનશીલ એવા મુખ્ય પોઈન્ટ્સ પર ઓવરબ્રિજ અને મોટા સર્કલના નિર્માણ કાર્યોને તાત્કાલિક સૈદ્ધાંતિક તેમજ નાણાકીય મંજૂરી આપવા માટે ભારપૂર્વક વિનંતી કરવામાં આવી છે.સાંસદ જસવંતસિંહ ભાભોરે પત્રમાં જણાવ્યું છે કે, નેશનલ હાઈવે-૪૭ પર આશરે ૨.૦૦ કિલોમીટરના એક ચોક્કસ વિસ્તારમાં સ્થાનિક તેમજ ભારે વાહનોનું ભારણ ખૂબ જ વધારે રહે છે. આ હાઈવે અલાઈનમેન્ટ સાથે મુખ્ય ૫ ગ્રામ્ય અને શૈક્ષણિક/તબીબી સંસ્થાઓના સંપર્ક. માર્ગો સીધા જોડાય છે. જ્યાં રોજેરોજ ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે અને અકસ્માતોનો ભય સતત તોળાતો રહે છે.

આ મુખ્ય ક્રોસિંગ/પોઈન્ટ્સ પર ઓવરબ્રિજ અને સર્કલ બનાવવાની માંગ ૧. ગમલા ગામે તરફ જતો રસ્તો (MDR)૨. બોરખેડા ગામ તરફ જતો રસ્તો (MDR) ૩. ચંદવાણા ગામ તરફ જતો રસ્તો (MDR)૪. પુસરી એપ્રોચ રોડ (BR) ૫. મુવાલીયા ક્રોસિંગ (જેની એક તરફ એગ્રીકલ્ચર કોલેજ અને બીજી તરફ ઝાયડસ મેડિકલ કોલેજ આવેલી છે) ખાસ કરીને મુવાલીયા ક્રોસિંગ વિસ્તારમાં મેડિકલ અને એગ્રીકલ્ચર કોલેજો હોવાના કારણે વિદ્યાર્થીઓ, દર્દીઓ અને સ્થાનિક નાગરિકોની અવરજવર ખૂબ મોટી સંખ્યામાં રહે છે. સુરક્ષિત ક્રોસિંગના અભાવે આ તમામ સ્થળો પર અગાઉ અનેક ગંભીર અકસ્માતો સર્જાયા છે અને જનહાનિ પણ થઈ છે. સ્થાનિક જનતા, વિદ્યાર્થીઓ અને દર્દીઓની સુરક્ષાને સર્વોપરી ગણીને સાંસદ જસવંતસિંહ ભાભોરે કેન્દ્રીય મંત્રીને આ પાંચેય પોઈન્ટ્સની ગંભીરતા સમજીને અકસ્માતો અટકાવવા માટે ઓવરબ્રિજ તથા સર્કલના કામો વહેલી તકે મંજૂર કરવા નમ્ર અપીલ કરી છે. આ સુવિધા ઉપલબ્ધ થવાથી દાહોદ પંથકના વાહનચાલકો અને ગ્રામજનોને ટ્રાફિકની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે અને મુસાફરી વધુ સુરક્ષિત બનશે.

# દાહોદ જીલ્લામાં કાળોતરો કરડવાના બનેલા બે બનાવો : ૫૫ વર્ષીય વૃદ્ધ સહિત બે જણાના અકાળે મૃત્યુ.

દાહોદ,
વીતેલા ૨૪ કલાક દરમિયાન દાહોદ જીલ્લામાં જુદી જુદી બે જગ્યાએ સર્પ દંશના બનેલા બે બનાવોમાં ૫૫ વર્ષીય વૃદ્ધ તેમજ ૩૧ વર્ષીય મહિલા સહિત બે જણાના આ કાળે મૃત્યુ નીપજ્યા નું સત્તાવાર જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જીલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલા સર્પદંશના બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદ જીલ્લાના ગોવિંદ ગુરૂ લીમડી તાલુકાના સીમલખેડી ગામે નિશાળ ફળિયામાં સવારમાં સાડા સાત વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં સીમલખેડી ગામના નિશાળ ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય મનજીભાઈ દેવલાભાઈ માલીવાડ પોતાના ઘરની નજીકમાં આવેલ ઈલેક્ટ્રીક લાઈટના થાંભલા નીચે સાફ-સફાઈ કરી રહ્યા હતા. તે દરમિયાન થાંભલાના અર્થિંગના તારને અડી જતા અકસ્માતે સખત વીજ કરંટ લાગતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર મનજીભાઈ માલીવાડના નાનાભાઈ નરસિંગભાઈ દેવલાભાઈ માલીવાડે લીમડી પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા લીમડી પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે. જીલ્લામાં સર્પદંશનો બીજો બનાવ ગરબાડા તાલુકાના માતવા ગામે ડામોર ફળિયામાં બપોરના બાર વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં માતવા ગામના ડામોર ફળિયામાં રહેતા ૩૧ વર્ષીય સુરેખાબેન શૈલેષભાઈ બચુભાઈ માવી પોતાના ઘરે કામ કરી રહ્યા હતા, તે દરમિયાન ઘરમાં નીકળેલ કાળોતરો સુરેખાબેનના જમણા પગે કરડી જતા કાળોતરાનું કાતિલ ઝેર સુરખાબેનના આખા શરીરમાં પ્રસરી જતા તેઓને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવે તે પહેલા જ તેનું પોતાના ઘરે જ મૃત્યુ નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર સુરેખાબેન માવીના પતિ શૈલેષભાઈ બચુભાઈ માવીએ જેસાવાડા પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા જેસાવાડા પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ- ૩૧૫/૨૦૨૫ તા.૦૫/૦૩/૨૦૨૬
અરજદારઃદેહદા ગોવિંદભાઈ માવજીભાઈરહે.દેવધા, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી,દેવધા,તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી દેહદા ગોવિંદભાઈ માવજીભાઈ ના પુત્ર દેહદા પિયુષભાઈ ગોવિંદભાઈનો જન્મ તા.૧૨/૦૧/૨૦૦૯નારોજ ગામ.દેવધા,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે,જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. પુત્રનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,દેવધા,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમની પુત્રના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૦૫/૦૩/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ- ૬૬૫/૨૦૨૬ તા.૨૩/૦૭/૨૦૨૬
અરજદારઃડામોર અનેશભાઈ તાજહીંગભાઈ રહે.બોરીયાળા તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી,બોરીયાળા,તા.ગરબાડા,જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર અનેશભાઈ તાજહીંગભાઈ પુત્રી નામે ડામોર હિનાબેન અનેશભાઈનો તા.૧૫/૧૦/૨૦૧૦ના રોજ ગામ. બોરીયાળા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,બોરીયાળા,તા.ગરબાડા,જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમની પુત્રીના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પાંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૨૩/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ- ૬૪૫/૨૦૨૬ તા.૨૩/૦૭/૨૦૨૬
અરજદારઃદેહદા કમાબેન કાળુભાઈરહે.દેવધા તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, દેવધા,તા.ગરબાડા,જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટનાઅરજદારશ્રી દેહદા કમાબેન કાળુભાઈ પુત્રીઓ નામે (૧) દેહદા નયનાબેન કાળુભાઈનો જન્મ તા.૦૩/૦૧/૨૦૦૭ના રોજ ગામ.દેવધા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે (૨) દેહદા સોનલબેન કાળુભાઈનો જન્મ તા.૦૧/૦૬/૨૦૧૧ના રોજ ગામ.દેવધા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે (૩) દેહદા લીલાબેન કાળુભાઈનો જન્મ તા.૦૧/૦૬/૨૦૧૧ના રોજ ગામ દેવધા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે (૪) દેહદા સીતાબેન કાળુભાઈનો જન્મ તા.૦૧/૦૭/૨૦૧૫ના રોજ ગામ.દેવધા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે.અરજદારના પુત્રીઓના થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, દેવધા,તા.ગરબાડા,જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમની પુત્રીઓના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટસમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટદ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૨૩/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ- ૩૮૫/૨૦૨૫ તા.૦૧/૦૧/૨૦૨૬
અરજદારઃબિલવાળ પંકજભાઈ ફતીયાભાઈરહે.દેવધા,તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,દેવધા,તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી બિલવાળ પંકજભાઈ ફતીયાભાઈ ના પુત્રી નામે બિલવાળ શીવાનીબેન પંકજભાઈ નો જન્મ તા.૦૯/૧૨/૨૦૧૨ નારોજ ગામ.દેવધા,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,દેવધા,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૦૧/૦૧/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.290

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલમાં જીલ્લામાં હવામાન વિભાગ દ્વારા આપેલ 'ઓરેન્જ એલર્ટ' ના લઈને વહીવટી તંત્ર સક્રિય

કડા ડેમ, સૂકી નદી અને વણકબોરી ડેમ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં સંયુક્ત આકારણી અને ફ્લડ મોનિટરિંગ હાથ ધરાયું.

## ભારેથી અતિભારે વરસાદની આગાહી:તંત્ર સ્ટેન્ડ બાય, કલેક્ટરની નાગરિકોને સાવચેતી રાખવા અપીલ



ગોધરા,
ભારતીય હવામાન વિભાગે પંચમહાલ જીલ્લા માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. આગાહી મુજબ, આજ રાતથી શનિવાર સવાર સુધી જીલ્લામાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે જીલ્લા કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જીલ્લા તંત્રને હાઈ એલર્ટ અને સ્ટેન્ડ બાય મોડ પર મૂકી દેવામાં આવ્યું છે.

બચાવ અને રાહત કામગીરીની પૂર્વ તૈયારીઓ અંગે કલેક્ટરે જણાવ્યું હતું કે, જીલ્લાના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સંબંધિત વિભાગોની ટીમો સક્રિય કરી દેવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપન માટે પંચમહાલ જીલ્લામાં SDRF ની બે અને NDRF ની એક ટીમ હાલ ફિલ્ડમાં તૈનાત છે.

ટીમો દ્વારા નીચાણવાળા અને પાણી ભરાવાની શક્યતા ધરાવતા વિસ્તારોની મુલાકાત લેવામાં આવી રહી છે. જરૂરિયાત મુજબ લોકોને અગાઉથી સલામત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવશે, જેથી રાત્રિના સમયે રેસ્ક્યુ કામગીરીમાં કોઈ મુશ્કેલી ન પડે.

વધુમાં, જીલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ૨૪ કલાક વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે. તમામ તાલુકાઓમાં વર્ગ-૧ ના અધિકારીઓ હાજર રહી સ્થાનિક પરિસ્થિતિ પર સતત નજર રાખશે. પોલીસ વિભાગ, પંચાયત વિભાગ, નગરપાલિકા અને માર્ગ-મકાન (RB) વિભાગ સહિતના તમામ સરકારી તંત્રોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

પાવાગઢ યાત્રાધામ અંગે કલેક્ટરએ મહત્વનો નિર્ણય જણાવ્યો કે, આવતીકાલે સવારે જો ભારે વરસાદ ચાલુ રહેશે, તો સ્થાનિક તંત્ર દ્વારા સલામતીના પગલારૂપે પગથિયાં (માર્ગ) બંધ કરવામાં આવશે. પરિસ્થિતિ સામાન્ય અને સુરક્ષિત જણાયા બાદ જ યાત્રાળુઓ માટે માર્ગ ફરી ખુલ્લો મૂકવામાં આવશે.જીલ્લા કલેક્ટર અજય દહિયાએ નાગરિકોને અપીલ કરતા જણાવ્યું છે કે, ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી ખુલ્લામાં નીકળવાનું ટાળવું. રસ્તા પર કે કોઝવે પર પાણી વહી રહ્યું હોય કે ઓવરટોપિંગ થતું હોય ત્યારે કોઈપણ પ્રકારનું જોખમ લેવું નહીં અને વાહન પસાર કરવાનો પ્રયાસ કરવો નહીં.

જાંબુઘોડા, ગોધરા અને શહેરા તાલુકાના ભારે વરસાદના કારણે અસર થનાર સંભવિત ગામોમાં પરિસ્થિતિ પર સતત નજર.

## કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ NDRF-SDRF અને વહીવટી ટીમો દ્વારા ભારે વરસાદના કારણે સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ






પંચમહાલ,
હવામાન વિભાગ દ્વારા પંચમહાલ જીલ્લામાં 'ઓરેન્જ એલર્ટ'ની આગાહી આપવામાં આવી છે, જેના પગલે પંચમહાલ જીલ્લા કલેક્ટર અજય દહિયાના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર જીલ્લા વહીવટી તંત્ર અગમચેતીના ભાગરૂપે એલર્ટ મોડ પર આવી ગયું છે. ભારે વરસાદની સ્થિતિમાં નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે NDRF, SDRF અને સ્થાનિક તંત્ર દ્વારા સંયુક્ત રીતે અસરગ્રસ્ત તથા નીચાણવાળા વિસ્તારોનું સ્થળ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા જાંબુઘોડા તાલુકામાં મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી (TDO) દ્વારા SDRF ની ટીમ સાથે સંયુક્ત રીતે કડા ડેમ તેમજ સૂકી નદીના કાંઠે આવેલા નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લઈ સ્થિતિની આકારણી કરવામાં આવી હતી. તે જ રીતે ગોધરામાં શહેરી વિસ્તારમાં પણ NDRF અને ગોધરા નગરપાલિકાની ટીમ દ્વારા સંયુક્ત રીતે નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. તદ્ઉપરાંત શહેરા તાલુકામાં પણ સ્થાનિક વહીવટી તંત્ર અને NDRF ની ટીમ દ્વારા વણકબોરી ડેમ અને તેનાથી અસરગ્રસ્ત થઈ શકે તેવા વિસ્તારોનું વિસ્તૃત સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. જેમાં નાથુજી ના મુવાડા, વાડી, વલ્લભપુર, સાદરા, ખરોલી, બિલીથા, ભીમથળ, બોરડી, વાહકા અને પોયડા જેવા ગામોનો સમાવેશ થાય છે.જીલ્લા કલેક્ટર અજય દહિયાના નિર્દેશાનુસાર, તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. તંત્ર દ્વારા નદી-નાળા કે ડેમ નજીકના વિસ્તારોમાં ન જવાની અને વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

## કાલોલ ખાતે પકડાયેલ ગૌવંશના હત્યારાઓ વિરૂદ્ધ ભભૂક્યો રોષ : માલધારી સમાજે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



કાલોલ,
કાલોલ ખાતે ગેરકાયદેસર ગૌવંશ કતલખાના ઝડપાવાની ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને હિન્દુ સમાજમાં પવિત્ર ગણાતી ગાયની કત્લ કરતા તત્વો સામે ગઈકાલે પણ આવેદન પત્ર આપવામાં આવ્યું હતું અને આજે ગૌ હત્યાની ઘટનાના વિરોધમાં સમસ્ત કાલોલ તાલુકાના માલધારી સમાજ દ્વારા મામલતદારને એક આવેદનપત્ર સોંપીને દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની પ્રબળ માંગ કરવામાં આવી છે.

ગત ૨૭ જુલાઈ ૨૦૨૬ના રોજ કાલોલના કસ્બા અને સડક ફળિયા વિસ્તારમાં કાલોલ પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડા દરમિયાન ઘરોમાં ગેરકાયદેસર રીતે ગૌવંશની કતલ કરી માંસનું વેચાણ કરાતું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી જીવંત ગૌવંશને ઉગારી લીધા હતા અને આ કૃત્યમાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની આ સરાહનીય કામગીરીને સમાજે બિરદાવી છે.

આ ઘટનાથી હિન્દુ સમાજની ધાર્મિક લાગણીઓને ઊંડો આઘાત પહોંચ્યો છે. આ મામલે કાલોલના માલધારી સમાજ દ્વારા મામલતદાર વિકાસ પટેલને તાત્કાલિક પગલાં ભરવા માટે રજૂઆત કરવામાં આવી છે :

૧. કડક સજા અને મકાનો સીલ કરવા: પકડાયેલા આરોપીઓ વિરૂદ્ધ 'ગુજરાત ગૌવંશ હત્યા પ્રતિબંધ અધિનિયમ-૨૦૧૧' હેઠળ કડકમાં કડક સજા કરવામાં આવે, તેમજ જે મકાનો માંથી ગૌવંશ અને માંસ પકડાયું છે, તે મકાનોને સીલ કરી આકરો દંડ ફટકારવામાં આવે.

૨. વિજીલન્સ તપાસની માંગ: કાલોલ શહેર તથા આજુબાજુના ગામડાઓમાં ગેરકાયદેસર રીતે ચાલી રહેલા કતલખાનાઓ તાત્કાલિક બંધ કરાવવા માટે વિજીલન્સ તપાસ સોંપવામાં આવે.

૩. જાગૃતિ અને સુરક્ષા: ભવિષ્યમાં આવી અસામાજીક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ન બને તે માટે ગામ સ્તરે જાગૃતિ લાવવામાં આવે.

આ આવેદનપત્રની નકલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી, ગૃહમંત્રી તેમજ પંચમહાલ-ગોધરાના કલેક્ટરને પણ યોગ્ય નિર્ણય અને કડક પગલાં ભરવાની અપેક્ષા સાથે રવાના કરવામાં આવી છે.

## શહેરાના અણીયાદ ચોકડી વિસ્તારમાં ગ્રીન પાર્કમાંથી ૬ ફૂટ લાંબો સાપ રેસ્ક્યુ કરાયો



શહેરા,
શહેરા નગરમાં અણીયાદ ચોકડી પાસે આવેલી ગ્રીનપાર્ક અને શાન્તાકુંજ સોસાયટી વિસ્તારમાં અવારનવાર સાપ જોવા મળતા સ્થાનિક રહીશોમાં સતત ડર અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં ગ્રીન પાર્ક સોસાયટીમાં ઘરની પાછળથી અંદાજે ૬ ફૂટ જેટલો લાંબો ધામણ સાપ મળી આવતા વન વિભાગની ટીમે ત્વરિત કામગીરી કરી તેનું સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું.

શહેરા નગરમાં અણીયાદ ચોકડી નજીક આવેલ ગ્રીનપાર્ક સોસાયટી અને શાન્તાકુંજ સોસાયટીના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અવારનવાર સાપ નીકળવાની ઘટનાઓ સામે આવી રહી છે, જેના કારણે સોસાયટીના રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગ્રીનપાર્ક સોસાયટીમાં એક મકાનની પાછળ સાપ જોવા મળતાં સ્થાનિકો ભેગા થઈ ગયા હતા અને વાતાવરણ ભયભીત બની ગયું હતું. આ અંગે સ્થાનિકો દ્વારા તુરંત વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગના રાઉન્ડ ફોરેસ્ટર સી.બી. બારિયા, શક્તિભાઈ માલીવાડ અને ભાવેશ રાવલ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિનું સ્થળ આંકણી હાથ ધર્યું હતું. વન વિભાગના કર્મચારીઓએ ભારે જહમત બાદ ઘરની પાછળ છુપાયેલા અંદાજે ૬ ફૂટ જેટલા લાંબા ધામણ સાપનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. સાપને સહી-સલામત રીતે પકડીને તેના કુદરતી વાતાવરણ જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવતાં સોસાયટીના રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. ગ્રીન પાર્ક અને શાન્તાકુંજ સોસાયટીની આસપાસ ઝાડી-ઝાંખરા અને ખુલ્લા પ્લોટ આવેલા હોવાથી અવારનવાર ઝેરી તથા બિનઝેરી સાપ રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવે છે. સબંધિત તંત્ર દ્વારા આસપાસના વિસ્તારની સફાઈ કરવામાં આવે તેમજ ચોમાસાની ઋતુ દરમિયાન જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવે અને આ વિસ્તારમાં દવાનો છંટકાવ કરવામાં આવે એવી રહીશોએ માંગ કરી હતી.

કાલોલના બોરૂ ગામની ગોમાં નદીમાં ભૂમાફિયાઓનો આતંક

## બેફામ ગેરકાયદે ખનન સામે ગ્રામજનો આકરા પાણીએ, કાલોલ મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું



કાલોલ,
પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકામાં આવેલા બોરૂ ગામની સીમમાં પસાર થતી ગોમાં નદીના તટ પર છેલ્લા કેટલાક સમયથી બેફામપણે ચાલી રહેલા ગેરકાયદેસર માટી અને રેતીના ખનન સામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ વ્યાપ્યો છે. ગામના જાગૃત નાગરિકો દ્વારા કાલોલના મામલતદાર વિકાસ પટેલ ને આવેદન પત્ર સુપ્રત કરીને ભૂમાફિયાઓ સામે તાત્કાલિક કડક કાયદાકીય કાર્યવાહી કરવાની જોરદાર માંગણી કરવામાં આવી છે.

આવેદન પત્રમાં જણાવ્યા મુજબ, બોરૂ ગામની હદમાં ગોમાં નદીના પટમાંથી કેટલાક માથાભારે અને રાજકીય વગ ધરાવતા ઈસમો દ્વારા રાત-દિવસ ગેરકાયદેસર રીતે માટી અને રેતીની ચોરી કરવામાં આવી રહી છે. બોરૂ ગામના રહીશો જ્યારે આ અંગે સરપંચ તથા તલાટી કમ મંત્રીને મૌખિક રજૂઆત કરવા ગયા ત્યારે તેઓને ધમકીઓ આપવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે. આવી ધમકીઓના કારણે સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો, છતાં ખનન માફિયાઓ સામે કોઈ કાર્યવાહી ન થતાં ખનીજ ચોરી આજદિન સુધી બેરોકટોક ચાલુ રહી છે.ગોમાં નદીના તટ પર આડેધડ થઈ રહેલા ગેરકાયદેસર ખણ-ખોદના કારણે નદીના કુદરતી માળખાને અને પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચ્યું છે. ગામના અરજદારો જેવા કે બેલીમ ઈરસાદમહંમદ નુરમહંમદ, બેલીમ શહીદખાં ઈબ્રાહીમખાં, પઠાણ સાહીરખાન સિરાજખાન, બેલીમ રાહીદભાઈ હનીફભાઈ તથા અન્ય જાગૃત ગ્રામજનોએ આવેદન પત્રમાં સ્પષ્ટ ચીમકી આપી છે કે, જો વહેલી તકે આ ગેરકાયદે ખનન અટકાવી જવાબદારો સામે કાર્યવાહી કરવામાં નહીં આવે, તો તેની તમામ જવાબદારી અધિકારીઓની રહેશે અને તેમની વિરૂદ્ધ 'તાલુકા સ્વાગત', 'જીલ્લા સ્વાગત' અને' રાજ્ય સ્વાગત' કાર્યક્રમમાં સીધી રજૂઆત કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી ઉચ્ચ અધિકારીઓ ને પણ નકલો મોકલી આપી છે.

## ગોધરા ખાતે પંચમહાલ જીલ્લાના નવનિયુક્ત પંચાયત સભ્યો માટે એક દિવસીય કેપેસિટી બિલ્ડિંગ તાલીમ કાર્યક્રમ યોજાયો



- રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત BRGF ભવન ખાતે આયોજન: પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને પ્રજાલક્ષી યોજનાઓના અસરકારક અમલીકરણ પર મુકાયો ભાર.
- પ્રભારી મંત્રી રમેશભાઈ કટારાએ સભ્યોને નિષ્ઠા અને પારદર્શિતાથી કામ કરવા પ્રેરિત કર્યા.

પંચમહાલ,
પંચમહાલ જીલ્લા પંચાયત તેમજ વિવિધ તાલુકા પંચાયતોમાં તાજેતરમાં ચૂંટાયેલા નવનિયુક્ત સભ્યોની કાર્યક્ષમતામાં વધારો થાય અને તેઓ પંચાયતી રાજની વિવિધ કામગીરીથી વિસ્તૃત રીતે માહિતગાર થાય તેવા શુભ હેતુથી રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA) અંતર્ગત આજરોજ ગોધરા શહેર સ્થિત BRGF ભવન હોલ ખાતે એકદિવસીય કેપેસિટી બિલ્ડિંગ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ શિબિરમાં ગાંધીનગરથી આવેલી રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનની વિશેષ ટીમ દ્વારા પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા, ગ્રામીણ ક્ષેત્રોમાં વિકાસકામોને વેગ આપવા તેમજ સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનું ગ્રામીણ સ્તરે સચોટ આયોજન અને અસરકારક અમલીકરણ કેવી રીતે કરવું તે અંગે સભ્યોને ગહન અને તકનીકી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતુંકાર્યક્રમમાં પ્રભારી મંત્રી રમેશભાઈ કટારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં મંત્રીએ જણાવ્યું હતું કે, ''પંચાયતના પ્રતિનિધિઓ એ ગ્રામીણ વિકાસની મુખ્ય કડી છે.'' તેમણે તમામ નવનિયુક્ત સભ્યોને પ્રજાકીય કાર્યો પ્રત્યે પૂર્ણ નિષ્ઠા, પ્રમાણિક્તા અને પારદર્શિતા દાખવીને લોકસેવાના કાર્યો કરવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ નીરજભાઈ પટેલ, જીલ્લા કલેક્ટર અજય દહિયા, જીલ્લા વિકાસ અધિકારી પ્રણવ વિજયવર્ગીય,જીલ્લા અને તાલુકા પંચાયતના વિવિધ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં નવનિયુક્ત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને ઉત્સાહભેર તાલીમ મેળવી હતી.

## ૩૧ જુલાઈ અને ૧ ઑગસ્ટે ભારે વરસાદની આગાહીને લઈ પાવાગઢ મંદિર ટ્રસ્ટની ભક્તોને યાત્રા ટાળવા અપીલ

માંચીથી મહાકાળી મંદિર સુધીનો પગપાળા માર્ગ પણ બંધ થવાની શક્યતા.



હાલોલ,
હવામાન વિભાગ દ્વારા ગુજરાતના વિવિધ જીલ્લાઓમાં આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં ઑરેન્જ એલર્ટ જાહેર થતાં જીલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ થઈ સ્ટેન્ડબાય મોડ પર આવી ગયું છે. ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને યાત્રાધામ પાવાગઢ મંદિર ટ્રસ્ટે ભક્તો અને પ્રવાસીઓ માટે મહત્વપૂર્ણ અપીલ જાહેર કરી છે.

૩૧ જુલાઈ અને ૧ ઑગસ્ટે પાવાગઢ ન આવવા અપીલ મંદિર ટ્રસ્ટે જણાવ્યું છે કે હવામાન વિભાગની આગાહી મુજબ ૩૧ જુલાઈ અને ૧ ઑગસ્ટ દરમિયાન પાવાગઢ વિસ્તારમાં ભારે વરસાદ પડી શકે છે. આથી ભક્તોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બંને દિવસ દરમિયાન પાવાગઢ યાત્રા તેમજ મહાકાળી માતાજીના દર્શન માટે ન આવવા વિનંતી કરવામાં આવી છે.

ભારે વરસાદમાં પગપાળા માર્ગ બંધ કરવાની તૈયારી ટ્રસ્ટે સ્પષ્ટ કર્યું છે કે, જો વરસાદની તીવ્રતા વધુ રહેશે તો ભક્તોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં માંચીથી મહાકાળી માતાજીના મંદિર સુધીનો પગપાળા જવાનો માર્ગ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી શકે છે. પર્વતીય વિસ્તારમાં વરસાદને કારણે લપસણાં રસ્તા અને અન્ય જોખમોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવશે.

જીલ્લા તંત્રની પણ સાવચેતી રાખવા સૂચના જીલ્લા વહીવટી તંત્રે પણ નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા તેમજ નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા સૂચના આપી છે. હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ નાગરિકોને સાવચેત રહેવા અને અધિકારીઓની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.હવામાન સામાન્ય બન્યા બાદ જ યાત્રાનું આયોજન કરો મંદિર ટ્રસ્ટે ભક્તોને હવામાનની સ્થિતિ સામાન્ય થયા બાદ જ પાવાગઢ યાત્રાનું આયોજન કરવા અનુરોધ કર્યો છે. સાથે જ પરિવાર સાથે સુરક્ષિત સ્થળે રહેવા, બિનજરૂરી બહાર ન નીકળવા અને જીલ્લા તંત્ર તેમજ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.